# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૮૬ • તા. ૧ નવેમ્બર થી ૭ નવેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


# દેવલાલી નાસિક રોડ સંઘ દ્વારા ચૈત્ય પરિપાટીનું ભવ્ય આયોજન



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ

ધર્મશાસ્ત્રો કહે છે કે શુભનું ચિંતવન કરો, સારું બોલો, સારું સાંભળો અને સારું કાર્ય થાય એવું નજર સમક્ષ રાખો તો આપો આપ સારું, શુભ થાય છે. તો આપણે કલ્પીએ તેવું જરૂર થાય. જેવું આપણે ઈચ્છીએ એવું પામીએ છીએ. વસ્તુ પ્રાપ્તિ હોય કે કોઈ વસ્તુનો અભાવ હોય. બંન્ને પરિસ્થિતિમાં સમાન ભાવ રાખો. આત્મસંતોષ એ મોટી મનની મોટી ઉપલબ્ધિ છે. સુખ હોય કે દુ:ખની ઘડી સમભાવ રાખીએ તો જે કપરો સમય હોય એ પણ આસાનીથી વિતી જાય છે. ક્યારે સમય, ઘડી પસાર થઈ ગઈ એની ગત પડતી નથી. અન્યો તરફ નજર રાખી જીવવાથી માત્ર અસંતોષ અસુયા પ્રાપ્ત થાય છે આત્મસંતોષ મળતો નથી. આપણી પરિસ્થિતિ આપણી પોતાની છે. જેને કેવી રીતે જીવવી એ આપણો પોતાનો અધિકાર છે. આપણા સંજોગો, આપણો સારો નરસો સમય અન્યોને માટે કંઈ લેવા દેવાનો હક આપતો નથી. એવી જ રીતે બીજાઓ કઈ રીતે જીવે, કઈ રીતે રહે જીવન પસાર કરે એ તેમનો આગવો અધિકાર છે. દરેક એ પોતપોતાની મરજીથી, પોતાની સાન, ભાન અને સમજણથી જ જીવતો હોય છે. બીજાની ચિતા કરવી એ આપણી ચિંતા તૈયાર કરવા જેવી વ્યવસ્થા છે.

આપણે આપણી રીતે જીવીએ બીજાની ચિંતા, ફિકર કરવાની જરૂર નથી. લોકો શું કહેશે, શું માનશે એની ફિકર કરવા કરતાં આપણને અનુકૂળ લાગે એ રીતે જીવીએ. આપણા સુખનો, આનંદનો ખ્યાલ રાખીએ તો આખરે જીવનનો આનંદ જરૂરથી માણી શકીએ. દંભ અને દેખાવ એ તો માણસ માત્રના મુખવટા છે. આ મુખવટા હટાવી દઈએ તો કશું છુપાવવાનું ન રહે.

જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ. જેવી આપણી નજર એવા દ્રશ્ય આપણને દેખાવવાના છે. જગતમાં બધું શુભ અને સુખમય સારું રહે જો આપણે એવા હોઈએ. આપણા વિચાર સારું જોવાના હોય તો દરેકે દરેક પ્રસંગ સારા પસાર થવાના છે. આપણી નજર જો સારું જોવાની ટેવાયેલી ન હોય તો કશું સારું દેખાશે નહીં. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. સર્વ ગુણ સંપન્ન નથી. દરેક વસ્તુ કે વ્યક્તિના બે પાસા હોવાના. ગમે તેવો સારો માણસ હોય તેનામાં કંઈક તો સારું હોવાનું જ અને ગમે તેટલો સારો વ્યક્તિ હોય તેના સ્વભાવમાં, વિચારોમાં આચાર કે વ્યવહારમાં કાંઈ દોષ કે ખામી હોવાની. કોઈનામાં સારું જોવાની આપણી આદત હશે તો ગમે તેવા કાદવ કે કીચડમાં કમળ મળી જાય એમ અતિ અધમ વ્યક્તિમાં પણ સારપ મળવાની સારું શોધનારને સારું જ મળશે કોઈની ખરાબી નજરે નહીં જ આવે.

કેટલી વ્યક્તિઓનું ઊંડાણ જ એવું હોય છે જે બીજાના ગુણને જોઈ શકતા નથી. તેને માત્ર ને માત્ર અવગુણ જ દેખાતા હોય છે. બીજાઓની ભૂલો, ક્ષતિઓ અને ઉણપો જલદી નજરે પડે છે. આપણે જેવા હોઈએ તેવા બીજાને જોઈ શકીએ છીએ. આપણે આપણો સ્વભાવ સુધારી લઈએ તો કશી મુશ્કેલી નથી. આપણા મન અને સ્વભાવ પર સુખ, દુ:ખનો આધાર છે. સમય કેવો હોય કોઈ વ્યક્તિ પર નિર્ભર નથી. દુ:ખ આપણું પોતાનું સર્જન છે. કષ્ટ શારીરિક છે જ્યારે દુ:ખ માનસિક અવસ્થા છે. એટલે કેવી સૃષ્ટિ આપણને જોવા મળશે એ આપણી દ્રષ્ટિ નક્કી કરે છે.

– જય જ્ઞાતિમૈયા

# પ્રેમની લાગણી

આપણી વાત બધાને કંઈ કહેવાની જરૂર હોતી નથી અને બધાને આપણી વાતનું ગાંભીર્ય સમજાતું નથી. આપણા માટે જે વાત કંચન હોય એ અન્ય માટે કથીર જેવી હોવાની. બધા આપણી લાગણીને સમજી શકતા નથી કે નથી સમજી શકતા આપણી ભાવનાને. જે આપણા અંગત હોય અને જે આપણને સમજી શકતા હોય એવા પાસે જ પેટ છૂટી કરવાનો કંઈ અર્થ હોય છે. અયોગ્ય વ્યક્તિને વાત કરવાથી ક્યારેક અનર્થ સર્જાતો હોય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આવી જ એક અંગત લાગણી છે પ્રેમ. હવે પ્રેમને વ્યક્ત કરવાની વાત અલગ પ્રકારની હોય છે. પ્રેમની અભિવ્યક્તિ હવે સોશિયલ મીડિયાની દીવાલ પર ચોંટાડવામાં આવે છે અને મોબાઈલના સ્ટેટસમાં ટીંગાડવામાં આવે છે. આમાં અલબત કંઈ ખોટું નથી. આ રીત આધુનિક છે જે આજના જમાનામાં પ્રચલિત છે. મુશ્કેલી ત્યારે થાય છે જ્યારે એવું કરવા માટે મનાઈ કરવામાં આવે છે. આજે પ્રેમ હોય એટલું પૂરતું નથી પણ પ્રેમ દેખાડવો જરૂરી થઈ ગયું છે. પ્રેમ વિશે આમ તો પહેલાથી કહેવાતું આવ્યું છે કે તમને કોઈ પ્રત્યે પ્રેમ હોય તો તેને તમારી લાગણી પહોંચાડો કે હું તને બહુ પ્રેમ કરૂં છું. મારા માટે તું સર્વસ્વ છો. આ લાગણી વ્યક્ત કરવા માટે પણ હિંમત કરવી જરૂરી છે. જીભ લથડાય, પગ ધ્રૂજે અને મનમાં ડર હોય. સંશય હોય તો મનમાં છુપાયેલી ભાવના સ્પષ્ટ વ્યક્ત થતી નથી. આપણી લાગણીનો પ્રતિસાદ હકારાત્મક હોય કે નકારાત્મક એ સાંભળવાનું ધૈર્ય આપણામાં હોવું જોઈએ. લાગણી ઘવાય તો પણ વેર વાળવાની વૃત્તિ ન થાય તો એ સાચો પ્રેમ ગણાય. પ્રેમ લાલસા, તૃપ્તિ નથી પણ એ અખંડ તરસ છે. જે સતત મનમાં વધે છે. સાચો પ્રેમ ક્યારે હારતો નથી કે બદલો લેવાની વૃત્તિ ધરાવતો નથી. સાચો પ્રેમ દિલમાં અખંડ પ્રગટ તો દીવો છે.

પ્રેમ કરેલ પાત્ર પ્રાપ્ત થાય કે ન થાય તે પ્રત્યેની લાગણી ઘટવી ન જોઈએ. દરેક વ્યક્તિ મનોમન ઈચ્છે છે કે ગમતી વ્યક્તિ મોકળા મને પોતાની લાગણી વ્યક્ત કરે. ગમતી વ્યક્તિ મને ઈમ્પોર્ટન્સ આપે, પેમ્પર કરે, અનેક રીતે વખાણ કરે. સંબંધોના સાચો આધાર શબ્દો પર જ છે. જેને સારી રીતે વાત કરતાં, વખાણ કરતાં અને સુમેળતાપૂર્વક સંબંધ વ્યવહાર જાળવતાં આવડે છે એ સૌ સાથે સારી રીતે સંબંધ બાંધી શકે છે તેનો સંપર્ક પણ સંજીવન રહે છે. અંતે તો આપણે જેવું ઈચ્છીએ છીએ એવું પામીએ છીએ એ હકીકત છે.

આજે પ્રેમ બોલકો છે. એક બીજાને ગમતા પ્રેમ કરતાં લોકો બીજાને જાણ થાય તેની કાળજી લે છે. આપણી લાગણી જગ જાહેર થાય એવો સતત પ્રયાસ રહે છે. માતા, પિતા, ભાઈ, બહેન કે આપણો પ્રેમીજન તેની પ્રત્યેની આપણી લાગણી કરવા માટે ઠરાવિક દિવસ નક્કી થયેલા છે.

જે દિવસે આપણે તેમને શાબ્દિક રીતે જાહેરમાં વધાવીએ છીએ પણ તે પછીના દરેકે દરેક દિવસની પ્રત્યેક દિવસ પણ આપણી ગમતીલી, વ્યક્તિઓ માટે જ હોય એવું કરીએ. તેમની પ્રત્યે આપણી લાગણી અતિ મહત્વની છે તેવું તેમને દર્શાવીએ.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટીનું ભવ્ય આયોજન





શ્રી કચ્છી દશા ઓશવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા આયોજિત બીજી ચૈત્યપરિપાટીનું પ્રસ્થાન બુધવાર, તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના સવારના શુભ પ્રભાતે થયું હતું અને શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના પાવન અવસરે આ યાત્રા પૂર્ણતા પામી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલી આ યાત્રા દરમિયાન સંઘને અનેક પવિત્ર તીર્થસ્થળોના દર્શનવંદન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. યાત્રિકો ભક્તિભાવ સાથે શ્રી વણી જૈન તીર્થ, શ્રી નવસારી જૈન તીર્થ, શ્રી વરણામા જૈન તીર્થ, શ્રી મણિલક્ષ્મી જૈન તીર્થ, શ્રી વટામણ ચોકડી જૈન તીર્થ, શ્રી કલીકુંડ જૈન તીર્થ, દાદા ભગવાન પહોંચી દર્શન વંદન કરી શક્યા હતા.

# દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટીનું ભવ્ય આયોજન



આ પાવન યાત્રામાં કુલ ૭૭ યાત્રિકો જોડાયા હતા. સુવ્યવસ્થિત વોલ્વો બસ દ્વારા સંઘનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. સંઘપતિ તરીકે શ્રીમતી કલ્પના બેન લલિત ધરમશી (સુથરી). કલિકુંડ તથા મણિલક્ષ્મી તીર્થ પર સંઘનો રાત્રિ રોકાણ થયો હતો, જ્યાં યાત્રિકોને નૈસર્ગિક વાતાવરણમાં વિશેષ શાંતિ અને આનંદનો અનુભવ થયો હતો. આ ચૈત્યપરિપાટી દરમિયાન શ્રી ભરત રામજી પટેલ (ભાઈભાઈ ડબ્બલ રોટીવાળા) તથા ૐકાર તિર્થ સુંદર સેવા સાથે જોડાયા હતા અને સંઘને સાધર્મિક ભક્તિ તેમજ ચોવીયાર કરાવવાનો લાભ લીધો હતો.







# દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટીનું ભવ્ય આયોજન



આ સમગ્ર યાત્રાના આયોજનમાં સંઘના પ્રમુખ શ્રી મુકેશ જાધવજી ધરમશી નું વિશેષ પ્રેરકબળ રહ્યું હતું. તેમનો સંઘ પ્રત્યેનો પ્રેમ, અખૂટ સેવાભાવ અને કઈ પણ કરી છૂટવાની ભાવના સમગ્ર યાત્રિકોને પ્રેરણા આપતી રહી. સંઘના ટ્રસ્ટીઓએ પણ આગોતરા તમામ તીર્થોની મુલાકાત લઈને રહેઠાણ, પ્રસાદ, પૂજન, દર્શન તથા અન્ય જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી હતી, જેથી યાત્રિકોને કોઈ મુશ્કેલી વિના ભક્તિમય અનુભવ મળી શકે.

યાત્રિકો વચ્ચેનો સૌહાર્દ, લાભાર્થીઓનો ઉમદા સહયોગ અને સર્વે સેવકોની નિષ્ઠાપૂર્વકની સેવા આ ચૈત્યપરિપાટીને અત્યંત યાદગાર બનાવી ગઈ. દરેક યાત્રિકના દિલમાં આ પાવન તીર્થયાત્રાની સ્મૃતિ ચિરંજીવી બની રહી છે. સંઘના ઈતિહાસમાં આ બીજી ચૈત્યપરિપાટી એક ગૌરવપૂર્ણ પાનાં રૂપે ઉમેરાઈ છે, જે ભવિષ્યમાં અનેક સાધર્મિક યાત્રાઓ માટે પ્રેરણાસ્ત્રોતરૂપ બની રહેશે.



# પાંચમી પુણ્યતિથિએ સમરીએ તમારી પ્રેમરૂપી મહેક

સંસારીપક્ષે પ.પૂ.સા.શ્રી વિમલયશાશ્રીજી મ.સા. ના પૌત્ર
માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોનાના સુપુત્ર

*Forever alive...*



## વંદનીય પિતા

એ તો પ્રેમ, સંસ્કાર અને
આશીર્વાદનો અનંત સાગર છે
આજે આપની વિદાયને
પાંચ વર્ષ વીતી ગયા...
પરંતુ આપનો ચહેરો, આપનું સ્મિત
અને આપની યાદો
આજે પણ અમારા હૃદયમાં
અખંડિત રીતે વસે છે...
તમારી સરળતા, સ્નેહ, ત્યાગ અને
માર્ગદર્શન અમારી જીવનયાત્રામાં
હંમેશા પ્રકાશ બનીને રહેશે.
આજના દિવસે,
અમે આપના આત્માને શાંતિ મળે
તે માટે પ્રાર્થના કરીએ છીએ
અને
આપના આશીર્વાદની ભાવપૂર્વક
અભિલાષા રાખીએ છીએ.

# શ્રેષ્ઠીવર્યશ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના

**ગામ : સુજાપુર । હાલે : પવઈ**

**દેહ પરિવર્તન : શુક્રવાર, તા. ૬-૧૧-૨૦૨૦**

હતો યાદગાર, સ્મિતનો શણગાર, મધુર વાણી અને મીઠો વહેવાર...
હાજરીમાં આપની રહેતો તહેવાર, ભૂલાતું નથી, ભૂલાશે નહીં....
ભલે ને રોજ આવતી નવી સવાર...

ARTS FRAMES

**જીવનસંગીની : નયના લેરીન ખોના**
**હ. વૃષભ, નિકીતા, જયમન**
**અનમોલ પરિવાર (સુજાપુર-પવઈ)**

Anmol Balaji Broking
Estate and Investment Consultant

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની કચ્છ ચૈત્ય પરિપાટી યોજાઈ

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના ૧૨૫ સભ્યો **તા.૨૧ ઓક્ટોબર મંગળવાર થી તા.૨૫ ઓક્ટોબર શનિવાર સુધી પાંચ દિવસ**ની કચ્છ યાત્રાનો અતિ ઉત્સાહ સાથે લાભ લીધો.

જખૌ રાયપુરના **સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર**ના સહયોગ સૌજન્યથી કચ્છ યાત્રાનું આયોજન થયું હતું. વધુ વિગતવાર વિવરણ અને સમાચાર આગામી અંકમાં અપાશે.





# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની કચ્છ ચૈત્ય પરિપાટી યોજાઈ











# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની ચૈત્ય ચૈત્ર પરિપાટી યોજાઈ

















# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની ચૈત્ય ચૈત્ર પરિપાટી યોજાઈ

















# જૂની ગાયકીને જીવંત રાખવા પખાવાજ બુકની વિમોચન વિધિ કરાઈ



શ્રી કચ્છી દશા ઓશવાળ નાતનું નઝરાણું એટલે ''પખાવાજ'' આજે પણ પ્રખ્યાત છે.

આ પખાવાજ ગાયકીને જીવંત રાખવા પ્રબોધ મુનવર દ્વારા સંગ્રહ કરવામાં આવેલ પખાવાજ સ્તવનોની બુકની વિમોચનવિધિ પ.પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા., પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા., તથા પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા. ની શુભપાવન નિશ્રામાં યોજાઇ હતી.

અખિલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ પ્રમુખ ભાવેશભાઇ વોરા, ઉપપ્રમુખ શ્રી ચીમનભાઇ મોતા, મનીષભાઇ બી. લોડાયા, અરવિંદભાઇ વોરા, સોમચંદભાઇ લોડાયા, પ્રવીણભાઇ લોડાયા, નલીનભાઇ અજાણી, પ્રિતીબેન મોમાયા, મણીલાલ આર. શાહ, પ્રતાપ ધરમશી, ગોવિંદજી પટેલ, ભરત લોડાયા, પ્રભાતસિંહ જાડેજા, રાહુલ મહેતા, હસમુખ વોરાના વરદ્ હસ્તે આ બુકની વિમોચન વિધિ કરવામાં આવેલ.

આ પ્રસંગે પખાવાજ ગાયક સ્વ. હીરાલાલભાઇ જીવાણીની ૯૦ વર્ષની ઉંમરે ગાયકીને બિરદાવવામાં આવેલ. ૮૫ વર્ષની ઉંમરે દાંડીયારાસ તથા ચામરનૃત્યમાં મોખરે દામજીભાઇ મૈશેરી તથા ૭૨ વર્ષની ઉંમરે પખાવાજ અને ગહુલીઓ ગાવાનાં શોખીન કલ્યાણજીભાઇ ડાઘાની અનુમોદના કરવામાં આવેલ. પખાવાજ સ્તવનોને જાગૃત રાખનાર અબડાસા, મુંબઇ, દેશાવરનાં સર્વે ગાયકોની પ્રશંસા કરવામાં આવેલ.

---

# ખોના ગોત્રના શ્રી સચ્ચાઈ માતાજીની સમૂહ પહેડી

નલિયા ગામના ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના શ્રી સચ્ચાઇ માતાજી ના સ્થાનક તથા શ્રી જી પીર સ્થાનકે નમતા નલિયા, જખૌ, સાંયરા, મંજલ રેલડિયા તથા ગોએરસમા ગામના સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને આનંદપૂર્ણ સમાચાર.

સમૂહ નેવૈધ પ્રસાદ તથા માતાજીની ભક્તિભાવના રવિવાર, તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૫ પોષ સુદ ૮ ના શુભ દિવસે સમય: સવારના ૯:૩૦ વાગ્યે સ્થળ: હોરિઝોન હૉલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ).

આ શુભ અવસર પર સૌ મળી માતાજીની ભક્તિભાવના વધારીએ, સૌના સ્નેહ અને સમર્પણને એકત્રિત કરીએ, અને સમૂહરૂપે નેવૈધ પ્રસાદનો લાભ લઈએ.

ફાળો આપવા ઈચ્છુક ભાવિકોએ કૃપા કરી સંપર્ક કરવો. શ્રી લલિતભાઈ ખોના (માતાજીના ભુવાશ્રી) ૯૯૨૦૪ ૦૩૯૫૦/૯૪૨૮૨ ૬૩૨૮૭, શ્રી ચેતન માણેકચંદ્ર ખોના-૯૩૨૪૪ ૬૧૮૯૪, શ્રી ફાલ્ગુનભાઈ લખમશી ખોના-૯૮૨૦૬ ૨૦૪૯૯, શ્રી અમિત જેઠાલાલ ખોના-૯૩૨૧૭ ૦૫૫૧૧, શ્રી લીતેશ હીરાચંદ ખોના-૯૬૧૯૪ ૯૩૪૭૨, શ્રી જીગર હીરાચંદ ખોના-૯૮૧૯૨ ૫૯૭૯૯, શ્રી ચીમનલાલ હીરજી ખોના -૯૮૨૧૦ ૬૯૨૫૫

આપના આગમનની જાણ અમોને અગાઉથી કરશો. જેથી પ્રસંગની વ્યવસ્થા સુનિશ્ચિત રીતે કરી શકાય.

ચાલો, સૌ મળી માતાજી પ્રત્યેની ભાવના અને ભક્તિનો અજવાળો ફેલાવીએ. આ મેસેજ સૌ સુધી પહોંચાડવા વિનંતી.

# શ્રી હુબલી સંઘમાં મ.સા.ની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે પંચાન્હીકા મહોત્સવની ધર્મ આરાધના કરાઈ







કર્ણાટક વિસ્તારના હુબલી સંઘના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં માતૃહૃદયા પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદશ્રીજી મ.સા.ની ૨૫મી પુણ્ય તિથિ નિમિત્તે પંચાન્હીકા મહોત્સવના પાંચમા દિવસે શ્રી ચંદ્રપ્રભ સ્વામી પૂજનનું ધર્મભાવ સાથે આયોજન કરાયું હતું.

# માટુંગા મધ્યે કિડની અને હાડકાં રોગ નિદાનનો કેમ્પ

તા.૯ નવેમ્બર રવિવારના સવારના ૧૦ થી સાંજે ૪ કલાક સુધી રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન ૨૩એ મેઘ મહલ, ગ્રાઉન્ડ ફ્લોર, કિંગ સર્કલ, માટુંગા (પૂર્વ) સે.રે. મધ્યે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ.રાજેશ ઠક્કર પોતાની સેવા આપશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુકએ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન માટે સંપર્ક શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા જિનાલયનો દ્વારોદ્ઘાટન કરાયું





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરના શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ-વિધિપક્ષ) માં દર વર્ષ પ્રમાણે કારતક સુદ-૧ નૂતન વર્ષ સોમવાર તા.૨૧ ઓક્ટોબરના શુભ દિવસે સવારે ૫.૩૨ કલાકે જિનાલયના દ્વારોધ્ઘાટનના લાભાર્થી પરિવાર શ્રી ભાણજી લીલાધર મહેતા પરિવાર, રાયપુર દ્વારા માંગલિક દ્વારોઘાટન સંકલ સંઘ સાથે કરવામાં આવેલ ત્યારબાદ શ્રી ગૌતમસ્વામીજીનું રાસવાંચન કરવામાં આવેલ.

કારતક સુદ ૫ (લાભ પાંચમ) શનિવાર તા.૨૫ ઓક્ટોબરના શ્રી જ્ઞાનની સ્થાપના કરવામાં આવેલ. શ્રી જ્ઞાનપૂજામાં મળેલ કોપી (નોટબુક) અને પેનનું નિઃશુલ્ક વિતરણ નિર્ધન વિદ્યાર્થીઓને કરવામાં આવશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**અનિતાબેન નાગડા**
તા.૨૭ ઓક્ટોબર (ઉ.૪૧)
કોઠારા-વાપી



**લિલાબેન નાગડા**
તા.૩૦ ઓક્ટોબર (ઉ.૭૯)
નલિયા-પુણે



**લખમશીભાઈ ગોસર**
તા.૩૦ ઓક્ટોબર (ઉ.૮૩)
ગોએરાસમા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

## ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને

## પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

## માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે

**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**

**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**

આપ તેમના પ્રત્યેની

અનુમોદના,

આદરભાવ

તેમજ તેમના

સાથેના સંસ્મરણો

લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૬ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ | જખૌ બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇમાની ગંધી બદલી તથા પોડશા દાદાના ભુવા ચયન વિધિ જખૌ સ્થાનકે. ૯૮૧૯૮૨૭૨૮૦, ૯૮૭૦૧૩૧૧૯૩ |
| તા. ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરિવારના કુળ દેવી શ્રી ચામુંડા માતાજીના ૧૫ મા ધ્વજારોહણ, પહેડી પ્રસાદ તથા હવન મહોત્સવ વારાપધર સ્થાનકે પહેડી પ્રસાદના લાભાર્થી માતુશ્રી પુરબાઈ લખમશી લધાભાઈ લાલકા, આદિપુર |
| તા. ૦૨ થી ૦૫ નવેમ્બર ૨૦૨૫ | શ્રી કદઓ કુરૂવા પરીવાર આયોજિત કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદાજીની પહેડી તથા ચંદીપાઠ |
| તા. ૦૩ થી ૦૪ નવેમ્બર ૨૦૨૫ | કચ્છ જખૌ મધ્યે બિરાજમાન છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાની ગંધી બદલાવવાનો પ્રોગ્રામ તા.૩ નવેમ્બર ૨૦૨૫ કાઠીયારાપીરની ગંધી તા.૪ નવેમ્બર ૨૦૨૫. |
| તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫ | વારાપધરમા બિરાજમાન લોડાયા પરીવારના કુલદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભોઈમાની ગંધી (ચુન્દડી) બદલી પ્રસંગ સવારે ૯.૦૦ ક. થી. વારાપધર સ્થાનકે. |
| તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫ | ગોશર પરીવાર, બાયઠના કુળદેવી શ્રી ઓશીયા માતાજીની ધ્વજા કારતક સુદ પૂનમ. તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫ બાયઠ સ્થાનક. |
| તા. ૦૯ નવેમ્બર ૨૦૨૫ | સમસ્ત ક.દ.ઓ. છેડા કુળના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડી તા. ૦૯ નવેમ્બર ૨૦૨૫ સવારે ૯.૧૫ ક. થી સારસ્વત વાડી, મુલુંડ. |
| તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક |
| તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫ | નલિયાના ખોના કુળ ગોત્રના શ્રીજીપીર બાપાના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદ ખોના ફલિયા, નલિયા સવારના ચડતે પહોરે. |
| તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ) રાયપુરનું રજત ધ્વજા મહોત્સવ |

## તિરૂપુરના શ્રી સુવિધિનાથ દેરાસરનું વિક્રમ સંવતના નૂતન વર્ષે પ્રારંભ દિવસે દ્વારોધ્ધાટન થયું





વિક્રમ સંવત ૨૦૮૨ નૂતન વર્ષના પ્રથમ દિવસ તા.૨૧ ઓક્ટોબર મંગળવાર રોજે વહેલી સવારે દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરના દ્વારોદ્‌ઘાટનના લાભાર્થી શ્રીમતી પુષ્પાવંતી હંસરાજ નાગડા પરિવાર-પરજાઉ હાલે તિરૂપુર. તામિલનાડુએ લીધેલ બહોળી સંખ્યામાં ભાઈ-બહેનોએ આ પ્રસંગમાં ઉત્સાહથી પધારી લાભ લીધેલ. શ્રીમતી પુષ્પાવંતીબેન હંસરાજ નાગડા પરિવાર તરફથી બધાને રૂા.૧૦ ની પ્રભાવના કરવામાં આવેલ.




● મૂળ રામપર-વેકરાના હાલે નૈરોબી કેન્યામાં રહીને વતનના શિક્ષણ ધામોની ચિંતા સેવતા ભેખધારી દંપતી શાંતિલાલભાઈ ભંડેરી અને તેમના ધર્મપત્ની ધનુબેન ગામડે ગામડે ફરી શાળાની જરૂરિયાતો સંતોષી પોતાની પસીનાની કમાણી પર સેવા કાજે વાપરે છે. છેલ્લાં ઘણાં વર્ષેથી અંદાજે ૬૧ જેટલી પ્રાથમિક શાળામાં રિપેરીંગ, ભૌતિક જરૂરિયાતો, બાળકોને જરૂરી શૈક્ષણિક કિટ આપીને અંદાજિત ત્રણ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરીને સરસ્વતીના સાચા સાધક બની કચ્છના અંતરિયાળ ગામોની શાળાઓને નંદનવન બનાવવાનું બહુમૂલ્ય કાર્ય તેઓ કરી રહ્યાં છે. તેમના સેવા કાર્યોની મેનેજમેન્ટ કરવાની જવાબદારી અબ્બ્દુભાઈ લોદરા સંભાળી રહ્યાં છે.

● ભુજ તાલુકાના સરહદી પચ્છમ પંથક માલધારીઓના પ્રદેશ તરીકે ગણના થાય છે. પશુઓ પ્રત્યે અપાર પ્રેમ લાગણીના કારણે અનેક મુસીબતોના પરિબળો ઉત્પન્ન થાય અને પશુઓને બચાવવા સાત સમંદર જવું પડે તો પણ પીછેહઠ કરતાં નથી. કપરા સમય કાળમાં પોતાના બાળ બચ્ચાં પરિવારોને મૂકી પશુઓ સાથે હિજરત કરવાનું તેમને મંજૂર છે. ધ્રોસટ વરસાદને કારણે કાળા ડુંગરની તળેટીમાં દૂધની હેલીઓ વહે છે. એક એક પશુ પાલક પાસે ૧૦૦ થી ૧૫૦ લિટર દૂધ છે. જેનો મોળા માવો બનાવી આ માવો અંજાર, આદિપુર, ગાંધીધામ ભુજની બજારોમાં ધૂમ મચાવે છે. આ મોળો માવો અનેકના મન મીઠાં કરી નાખ્યાં.

● પાલઘર જિલ્લાના દહાણુ અને તેની આસપાસના આદિવાસી વિસ્તારોનો લગભગ બે હજાર લોકોએ માંસ ખાવવાનું ત્યજી દીધું છે. તો ત્રણ હજાર વિદ્યાર્થીઓએ માંસાહારનો ત્યાગ કર્યો છે. કચ્છી માડુ વિનોદ નંદુ દહાણુ દહાણુ નજીક હિરલ પાર્ક રિસોર્ટ બનાવ્યો છે. તેના કારણે તેમની અત્રે અવરજવર રહે છે. આવા હિસાબે તેઓ આદિવાસી લોકોના પરિચયમાં આવ્યા. અત્રેના રહેવાસીઓ બેચકીથી ઊડતાં પક્ષીઓને પથ્થર મારીને પાડી દે. પછી તેનું માંસ આગમાં ભૂંજી ખાય છે. સરકાર તરફથી શાળા વિદ્યાર્થીઓને સપ્તાહમાં એકવાર ઈંડા અને ફળ તેમજ એક ટંક ભોજન મળે છે. દીપકભાઈ ભેદા મિત્ર નાતે હિરલ ફાર્મમાં આવ્યા. અત્રેની હકીકત જાણ શાળાના વિદ્યાર્થીઓને અપાતાં ઈંડા બંધ કરાવ્યા પોતાના તરફથી ૩૫ સ્કૂલના એકથી નવ ધોરણના ત્રણ હજાર વિદ્યાર્થીઓને કેળા અપાય છે. ગામવાસીઓને માટે માંસ ત્યાગ અભિયાન ચલાવી તેમને શાકાહાર તરફ વાળ્યાં.

● ભુજના હૃદય સમા હમીરસર તળાવમાં ડૂબી જવાથી થતાં મૃત્યુને ધ્યાને લઈ ભુજ સુધરાઈ દ્વારા કચેરી ખાતે ફાયર શાખાના તરવૈયા તહેનાત રાખવા નિર્ણય થયો છે. સાથો સાથ કચ્છમાં વધતાં આત્મહત્યાના બનાવોને જાગૃતિ સાથે અટકાવવા સતત કાર્યરત ઓમ ફાઉન્ડેશન દ્વારા એક માસ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવાનું નક્કી થયું છે. ફાયર શાખા દૂર હોતા હમીરસર સુધી પહોંચતા સમય લાગી જાય જ્યારે સુધરાઈ કચેરીએથી અંતર ઓછું હોતાં તરવૈયા સુધરાઈ ઓફિસે તહેનાત કરવાનો નિર્ણય લેવાયો છે. લાઈફ સ્કિલ્સ ગેટકીપર ટ્રેઈનિંગ ફોર સુસાઈટ પ્રિવેન્શન નામે મોબાઈલ એપ્લિકેશનથી લોકજાગૃતિ કરાશે. એપ્લિકેશનમાં લોકો પ્રશ્નો પૂછી શકશે જેના યોગ્ય જવાબ અપાશે.

● મૂળ કોડાયા હાલે મુંબઈના પૂજા અને વેનીલ રજનીકાંત શાહની આઠ વર્ષીય પુત્રી અમાયરા ભારતનું પ્રતિનિધિત્વ કરતાં દહેરાદૂનમાં યોજાયેલી એશિયન ઓપન આઈસ સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં ઉજ્જ્વળ દેખાવ કરી કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ સ્પર્ધામાં ચીન, હોંગકોંગ, જાપાન, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ સહિતના દેશમાંથી ૨૦૦ થી વધુ સ્પર્ધક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનારી અમાયરા સૌથી નાની વયની સ્પર્ધક હતી. તેણી ત્રણ વર્ષની વયથી સ્કેટિંગ કરી રહી છે અને તેણીએ રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે અનેક ચંદ્રક મેળવ્યા છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49%
(p.a.)

*8.49%
(p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank